ગુજરાતનો મહાસંગ્રામ 2012

વાત વાતમાંથી

- મેયર મહેન્દ્રસિંહ રાણા સાથે ભાજપમાં જોડાનાર બે કોર્પોરેટરો કોંગ્રેસમાં પાછા ફરી રહ્યાના 'પડીકા' આખો દિવસ ચાલ્યા.
- ભાજપ પાર્લામેન્ટરી બોર્ડમાં ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકોની સમીક્ષા સમયે જિલ્લા ભાજપના પદાધિકારીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં અડાલજ પહોંચ્યા હતા.
- ગાંધીનગર દક્ષિણની બેઠક માટે ઠાકોર સમાજની માંગણીના કોંગ્રેસમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતનાપૂર્વ પ્રમુખ મહેન્દ્રસિંહ વાઘેલા બાયડ બેઠક પરથી ચૂંટણી લડવા મન બનાવી લીધુ છે.
- સેક્ટર-૮ના વસાહતી અગ્રણી બ્રિજેશ મેરજા મોરબી બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે જંગ ઉતરવા તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.
- ગાંધીનગર અર્બન સહકારી બેંકના માત્ર એક જ ડીરેક્ટરે ચૂંટણી લડવા દાવેદારી નોંધાવી છે.
- હજુ બે સરકારી કર્મચારી આગેવાનો ચૂંટણી લડવા વિચારી રહ્યા છે.
- ચૂંટણી આચાર-સંહિતાના ડરથી દિવાળીના વ્યવહારો અસર વર્તાતી જાય છે.

ગાંધીનગર જિલ્લાના મતદારો જોગ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ ગુજરાત વિધાનસભાની સામાન્ય ચુંટણી ૨૦૧૨ના મતદાન મથકોએ તા. ૧૭-૧૨-૨૦૧૨ ના રોજ મતદાન થનાર છે.

જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠા થવાના છે. જે સ્થળોએ મતદાન થનાર છે. તે મતદાન ઉપર તથા તેની નજીકના વિસ્તારમાં તા. ૧૭-૧૨-૨૦૧૨ ના રોજ અડચણ થતી અટકાવવા તથા વ્યવસ્થા જાળવવા પગલાં લેવા જરૂરી છે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર શ્રી ડૉ. એમ.ડી. મોડિયા દ્વારા તેમને મળેલ અધિકારની રૂઈએ ચુંટણીમાં ઉપર મત આપવા જવાનું છે તે મતદારો જોગ આદેશાત્મક હુકમ ફરમાવવામાં આવ્યા છે. જે મુજબ (૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોનાં અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઊભાં રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણીએ ઉભા રહેવું (૨) મતદારે મતદાન મથકમાં લાઈન મુજબ પોતાના વારા પ્રમાણે એક પછી એક દાખલ થવું. (૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તાર છોડી તુરત જ ચાલ્યા જવા જણાવાયું છે. આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૧૩૪ અને ભારતીય ફોજદારી અધિનિયમ - ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

કોમ્પ્યુટરરાઈઝ્ડ ફર્સ્ટ રેન્ડમાઈઝેશન યોજાયું

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા બેઠકની સામાન્ય ચૂંટણી આગામી તા. ૧૭મી ડિસેમ્બર-૨૦૧૨ના રોજ યોજાનાર છે. જે અંતર્ગત આજરોજ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી. સ્વરૂપના અધ્યક્ષસ્થાને પોલીંગ સ્ટાફનું કોમ્પ્યુટરાઈઝાઈડ ફર્સ્ટ રેન્ડમાઈઝેસન જિલ્લા સેવા સદન, ગાંધીનગર ખાતે યોજાયું હતું. ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતવિભાગમાં સમાવિષ્ટ મતદાન મથકો ઉપરના નિમણુંક આપવા પાત્ર પ્રિસાઈડીંગ ઓફિસરશ્રીઓ અને પોલીંગ ઓફિસરશ્રીઓની નિમણુંકના હુકમ કરવામાં આવ્યા હતા. રેન્ડમાઈઝેશન દરમ્યાન એક્સપેન્ડિયર મોનીટરીંગ સેલના ચીફ નોડલ ઓફિસર શ્રી એમ.ડી. મોડિયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી આઈ.આર. મનસુરી સહિત પાંચ વિધાનસભા મતવિભાગના આરઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય સ્પર્ધા હજુ પણ ભાજપ-કોંગ્રેસ વચ્ચે

સીમાંકન અને જીપીપીની હાજરીથી ચૂંટણી પરિણામો બદલાઈ શકે છે

ગુજરાતમાં આશરે ૭૦ બેઠકો છેલ્લી ૩ ચૂંટણીમાં ભાજપ અથવા કોંગ્રેસ સાથે જોડાયેલી રહી છે : નવી ગણતરીઓ

વિશ્વાસપાત્ર બેઠકો...

વર્ષ ૨૦૧૨ માં ચૂંટણી પરિણામોના ચિત્રમાં ફેરફાર થઈ શકે છે. સીમાંકન અને જીપીપીની ઉપસ્થિતિ પરિણામ બદલી શકે છે. વિશ્વાસપાત્ર સીટો અને ક્યાં ભાજપ અને કોંગ્રેસની સ્થિતિનો આંકડો નીચે મુજબ છે.

પ્રદેશ	વિશ્વાસપાત્ર સીટ	ભાજપ	કોંગ્રેસ	અન્ય
સૌરાષ્ટ્ર-કચ્છ	૨૯	૨૮	૧	૦
ઉત્તર ગુજરાત	૮	૬	૨	૦
મધ્ય ગુજરાત	૨૨	૧૮	૪	૦
દક્ષિણ ગુજરાત	૧૩	૮	૪	૧
કુલ	૭૨	૬૦	૧૧	૧

અમદાવાદ, તા. ૩

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આડે હવે વધારે સમય રહ્યો નથી ત્યારે કઈ બેઠક કઈ રીતે જીતી શકાય છે તેને લઈને ભાજપ અને કોંગ્રેસ દ્વારા તમામ પ્રકારની ગણતરી કરવામાં આવી રહી છે. આના માટેની વ્યૂહરચના પણ તૈયાર કરવામાં આવી રહી છે પરંતુ ઈતિહાસ ઉપર નજર કરવામાં આવે તો ચોક્કસપણે જાણી શકાય છે કે ગુજરાતમાં ૧૮૨ વિધાનસભા બેઠક પૈકીની આશરે ૭૦ જેટલી બેઠક એવી છે કે જે બેઠક ઉપર છેલ્લી ત્રણ ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ બંનેના ઉમેદવાર વિજેતા રહ્યા છે. ટૂંકમાં આશરે ૭૦ જેટલી સીટો એવી છે જે છેલ્લી ત્રણ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ સાથે જોડાયેલી રહી છે. એક માત્ર છોટુ વસાવા (જનતાદળ યુનાઈટેડ) સતત ત્રણ અવધિથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટાતા રહ્યા છે. રસપ્રદ બાબત એ છે કે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૫૮ બેઠકો પૈકીની ૫૦ ટકા બેઠકો મોટાભાગે ભાજપ તરફેણમાં રહી છે. આ ૫૮ બેઠકો પૈકી ૨૯ બેઠકો ભાજપને અથવા તો કોંગ્રેસને મળતી રહી છે. ૨૦૦૯માં ભાજપના ભરત બોઘરાએ પેટા ચૂંટણીમાં કોંગ્રેસ પાસેથી આ બેઠક આંચકી લીધી હતી. રાજકોટ બેઠક પરથી લોકસભાની ચૂંટણી કુંવરજીભાઈએ જીત મેળવ્યા બાદ પેટા ચૂંટણી યોજાઈ હતી. જો કે આ વખતે સ્થિતિ બદલાઈ ગઈ છે. કારણ કે સીમાંકનની સ્થિતિ જોવા મળી છે. હવે એક ઉમેદવારનું વર્ચસ્વ રહેશે નહીં. ૨૦૦૭ની સરખામણીમાં ૨૦૧૨માં ચૂંટણી અલગ પરિણામ લાવી શકે છે. સીમાંકન બાદ પ્રથમ વખત વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. આ ઉપરાંત આ વખતે ત્રિકોણીય સ્પર્ધા છે. ભાજપ અને કોંગ્રેસ ઉપરાંત કેશુભાઈ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટી પણ ૧૮૨ બેઠક ઉપર ચૂંટણી લડનાર છે. ઉમેદવાર માટે સન્માન પણ મહત્વપૂર્ણ અદા કરશે. વર્ષ ૨૦૧૨માં સ્થિતિ બદલાઈ શકે છે. કારણ કે આ વખતે ત્રિકોણીય સ્પર્ધા મુખ્ય રીતે જવાબદાર છે. સૌરાષ્ટ્ર, કચ્છમાં વફાદાર સીટની વાત કરવામાં આવે તો આવી ૨૯ સીટ છે જેમાં ભાજપે વર્ચસ્વ જમાવ્યું છે.

ક્યાં કોનું વર્ચસ્વ.....

રાજ્ય વિધાનસભાની ચૂંટણી પહેલાં ક્યાં કોનું વર્ચસ્વ છે તેને લઈને પણ પક્ષો વ્યસ્ત થયેલા છે. આ મુજબ ઉમેદવારો નક્કી કરવામાં આવશે.

ભાજપનું વર્ચસ્વ

મુદ્રા, વાઘવન, મોરબી, ટંકારા, રાજકોટ-૧, રાજકોટ-૨, રાજકોટ ગ્રામીણ, જેતલપુર, ઉપલેટા, જામનગર, કાલાવાડ, ખંભાલિયા, કુતિયાણા, કેસોદ, વિસાવદર, જૂનાગઢ, લાઠી, ધારી, કોડિનાથ, રાજુલા, બોટાદ, પાલિતાણા, શિહોર, કુંદલા, મહુવા, તલાજા, ઘાઘા, ભાવનગર ઉત્તર, બાવળા, માંડલ, વિરમગામ, સરખેજ, દસ્ક્રોઈ, સાબરમતી, એલિસબ્રીજ, ધાનેરા, પાલનપુર, ઈડર, હિંમતનગર, પ્રાંતિજ, મોડાસા, કલોલ, રાધનપુર, મહેમદાબાદ, નડિયાદ, આણંદ, કેમ્બે, વડોદરા શહેર, સયાજિગંજ, રાવપુરા, વાઘોડિયા, વડોદરા ગ્રામીણ, ભરૂચ, અંકલેશ્વર, સુરત શહેર ઉત્તર, સુરત શહેર પશ્ચિમ, ચોર્યાસી, જલાલપુર, નવસારી અને ગણદેવી

કોંગ્રેસનું વર્ચસ્વ

જસદણ, દાતા, ખેડબ્રહ્મા (એસટી), મહુધા, ચકલાસી, બોરસદ, ભાદરણ, નિજ્જર (એસટી), સોનગઢ (એસટી), વ્યારા (એસટી), મોટા પોંડા (એસટી)

મતદાર જાગૃતિની રેલીમાં ૩૦૦૦ વિદ્યાર્થીઓ જોડાયા

અમદાવાદ, તા. ૩

આગામી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૨૦૧૨માં મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે અને પોતાનો કિંમતી મત આપે તેવી જાહેર અપીલ કરવાના ભાગરૂપે અમદાવાદ જીલ્લાની વિવિધ શાળાઓનાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ મહારેલી યોજીને મતદાન જાગૃતિ અભિયાનને ઉજાગર કર્યું હતું.જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર વિજય નેહરાએ રેલીને લીલી ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલીમાં જિલ્લાની ૧૪ શાળાઓનાં અંદાજે ૩૦૦૦થી વધુ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. કલેક્ટર કચેરીથી નીકળીને આ રેલી શહેરનાં મુખ્ય માર્ગો પર ફરીને રીવર ફ્રન્ટ ઉપર એકત્ર થઈ હતી. અમદાવાદ જિલ્લામાં વધુમાં વધુ લોકો મતદાન કરે તે માટે જાગૃતિ કેળવવાનાં ભાગરૂપે યોજાયેલી આ રેલીમાં જિલ્લાના અધિકારીઓ, શિક્ષક ભાઈબહેનો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ બેઠક આજે મળશે નહીં : સોમવારે મળશે

૨૮ વિધાનસભાની બેઠકોની સમીક્ષા હાથ ધરવામાં આવશે : ૩૪ સીટની વિસ્તૃત સમિક્ષા થઈ

અમદાવાદ, તા. ૩

ભાજપાની ૩૦ ઓક્ટોબરથી પ્રારંભ થયેલી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક ૫ નવેમ્બરના રોજ મળશે. આવતીકાલે રવિવારે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળશે નહિં. સોમવારે મળનારી બેઠકમાં અમદાવાદ શહેરની ૧૬ બેઠકો, ૩૦ ઓક્ટોબરના રોજ અમદાવાદ જીલ્લાની બાકી રહેલી ૫ બેઠકો અને ૨ નવેમ્બરના રોજ સાબરકાંઠા જીલ્લાની બાકી રહેલી ૭ બેઠકો સહિત કુલ ૨૮ વિધાનસભા બેઠકોની સમીક્ષા હાથ ધરાશે.

ભાજપાના પ્રદેશ અધ્યક્ષ આર. સી. ફળદુની અધ્યક્ષતામાં ચાલી રહેલી ભાજપાની પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં આજે ૧૫૪ બેઠકોની સમીક્ષા પૂર્ણ કરવામાં આવી હતી.

આજે વડોદરા જીલ્લો, વડોદરા શહેર, બનાસકાંઠા, ગાંધીનગર જીલ્લો અને ગાંધીનગર શહેર અને આણંદ જીલ્લાની ૩૪ બેઠકોને નિરીક્ષકોના અહેવાલને આધારે સમીક્ષા કરવામાં આવી હતી. ભાજપ દ્વારા હાલ ચાલી રહેલી પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં ટોચના નેતાઓ હાજરી આપી રહ્યા છે. ઉમેદવારોની કુશળતા અને તેમની જીતવાની ક્ષમતા ચકાસવામાં આવી રહી છે.

આ મિટિંગનો દોર આગળ વધશે પરંતુ આવતીકાલે કોઈ ચર્ચા નહીં થાય હવે સીધી સોમવારે બેઠક મળશે જેમાં અમદાવાદ શહેરની બેઠકો પર ચર્ચા વિચારણા કરવામાં આવશે. અમદાવાદ અને ગુજરાતમાં ભાજપર તરફથી ચૂંટણી લડવા ઘણા ઉમેદવાર ટોચના સ્તરે લોબી પણ ચલાવી રહ્યા છે જો કે આ વખતની ચૂંટણી નરેન્દ્ર મોદી માટે પણ પડકારરૂપ રહેશે કારણ કે સિમાંકન અને કેશુભાઈ પરિબળની અસર જોવા મળી શકે છે.

ગુજરાત પરિવર્તન પાર્ટીની પત્રકાર પરિષદ યોજાઈ હતી જેમાં કેશુભાઈ પટેલ, સુરેશ મહેતા અને ગોરધન ઝડફિયા ઉપસ્થિત રહ્યા હતા.

અધિકારી ખોટો જવાબ આપે તો તેને ખખડાવી નાંખતા હતા

કુશળ શાસન છતાં જીવરાજ મહેતા સામે બળવો થયો હતો

બીજીવાર મુખ્યમંત્રી બન્યા પણ નિકટના સાથી મિત્રોએ હટાવવાની ઝૂંબેશ શરૂ કરતાં છેવટે ખુરશી છોડી દીધી

॥ ત્રીજો મણકો ॥

બીજી ચૂંટણીમાં તેમના કોંગ્રેસ પક્ષનો જવલંત વિજય થયો હતો અને બીજી વખત તેઓ મુખ્યમંત્રી બન્યા હતા.તેમણે તેમના શાસન

દરમ્યાન રાજયની માલિકીની ખાલસા જમીનના ખેડૂતોને કોઈપણ જાતનું નજરાણું ચૂકવ્યા વિના જમીનના કબ્જેદાર બનાવ્યા હતા. ખેડૂતોને સંતોષ થાય અને રાજયને આવકમાં ફટકો ન પડે તેવી કોઠાસૂઝથી તેઓએ વહીવટ કર્યો હતો. ત્રણ રાજવી જામનગરના દિગ્વિજયસંહિ, ભાવગનગરના કૃષ્ણકુમારસિંહ અને ધ્રાંગધ્રાના મયુરધ્વજસિંહ સાથે તેમણે કુનેહપૂર્વક કામ કર્યુ હતું.

મહિલા અને હરિજનને પંચાયત ધારામાં તેમણે મહત્વ આપ્યું હતું. કાઠીયાવાડની ગરાસદારી -થાની નાબૂદી, જમીનદારો અને ગણોતિયાના નૈનો નિકાલ, ગ્રામજનોના નૈ બહુમતિના જોરે નહી પણ સર્વાનુમતે ઉકેલ, ગામમાંથી ઉઘરાવેલી મહેસૂલ ગામના વિકાસમાં વાપરવી જેવાં કાર્યો ખૂબ વખણાયાં હતા. સર્વોદયી નેતા જય-કાશ નારાયણે ઢેબરભાઈની આ -વૃત્તિ હન્દિના પંચાયતી રાજયની દિવાદાંડી સમાન ગણાવી હતી. તેમની સરકારે યુવાનોને વહીવટમાં જોડી દીધાં હતા.

-જાના નૈ ઉકેલવામાં ઢેબરભાઈએ કદી સમય જોયો નથી. અરજદારોને સાંભળવા તેઓ તેમની સાથે કલાકો ગાળતા હતા. અડધી રાત સુધી ખેડૂતો અને તલાટી સાથે બેસતાં હતા. મુખ્યમંત્રી રાત્રીના દોઢ વાગ્યા સુધી કામ કરતા હતા. નાના માણસને પણ મળીને તેની ખબર અંતર પૂછતાં હતા. સરકારી કચેરીમાં કોઈ કાગળ અસ્તવ્યસ્ત હોય તો તેઓ કર્મચારીની ઘૂળ પણ કાઢી નાંખતાં હતા.

તેઓ કહેતા હતા કૈંફાઈલમાં રહેલાં કાગળો નિર્જીવ નથી પણ કોઈ જીવતા જાગતા ખેડૂત કે અરજદારને રાહત પહોંચાડવાની જીવાદોરી છેંઁ. છ વર્ષના ટૂંકાગાળામાં તેમણે સૌરાષ્ટ્રનો ભોતિક વિકાસ કર્યો હતો. તેમના મંત્રીમંડળમાં બળવંતરાય મહેતા ખૂબ સંવેદનશીલ હતા.

શાળાઓમાં ફી વધારો થતાં અસંતુષ્ટ તત્વોએ બળવંતરાયના ઘરને ઘેરો ઘાલી તોફાન મચાવ્યું હતું પરિણામે લાઠીચાર્જ અને ગોળીબાર પણ થયેલાં. મંત્રીમંડળની બેઠકમાં ફી વધારો પાછો ખેંચવાનો નિર્ણય કરવામાં આવ્યો પણ દુઃખી નાયબ મુખ્યમંત્રી બળવંતરાયે ઉત્તમ -ણાલીના ભાગરૂપે રાજીનામું આપી દીધું હતું. આ પહેલાં ઢેબરભાઇના મંત્રીમંડળમાંથી જૂદા જૂદા સમયે જૂદાં જૂદાં કારણોસર કેટલાક મંત્રીઓ છૂટા થયા હતા.તેમની સરકારમાં શિક્ષણમંત્રી નાનાભાઈ ભટ્ટ પણ લાંબો સમય ચાલ્યા નહી.

૧૯૫૪ના વર્ષમાં ડિસેમ્બરની ૨૦મીએ મુખ્યમંત્રીપદેથી નિવૃત્ત થઈ ઢેબરભાઈએ સૌરાષ્ટ્રનો મર્યાદિત પટ છોડી પોતાની સેવાઓ દેશના ચરણે ધરવા રાષ્ટ્રીય ફલક પર પદાર્પણ કર્યુ હતું. તેઓ કોંગ્રેસના અધ્યક્ષ બન્યાં. સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે જેમ સાદાઈથી રહેતા હતા તેમ દિલ્હીમાં પણ તેમને હરિજન કોલોનીમાં રહેવાનું નક્કી કર્યું હતું. આ કોલોનીમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી ઉતારો કરતા હતા. જો કે ૧૯૫૫ના જાન્યુઆરી માસમાં તેઓએ પદત્યાગ કર્યો હતો.

ગુજરાતની ભૂમિના રાજા

- ગૌતમ પુરોહિત

જેમની પાસે પહેરવાના વસ્ત્ર સિવાય બીજી માલિકી ન હતી, કોઈ બેન્કમાં ખાતું ન હતું અને પૃથ્વીના પટમાં રહેવા મકાન કે ફરવા વાહન ન હતું તેવા ઢેબરભાઈને ૧૧મી માર્ચ-૧૯૭૩માં બે લાખથી પણ વધારે લોકો આખરી મંજીલ ભણી દોરી ગયા હતા.

પહેલી ગુજરાત વિધાનસભાની રચના ૧૯૬૦ના રાજય પુનઃ રચના અધિનિયમ હેઠળ ૧લી મે-૧૯૬૦ના રોજ કરવામાં આવી હતી. એ વખતે મુંબઈ વિધાનસભામાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાંથી ચૂંટાયેલા ૧૩૨ ધારાસભ્યો ગુજરાત વિધાનસભાના આપોઆપ સભ્યો બન્યા હતા. ગુજરાતના -થમ મુખ્યમંત્રી બનવાનું શ્રેય ડો.જીવરાજ મહેતાને ફાળે જાય છે.

ગુજરાત વિધાનસભાનું -થમ સત્ર ૧૮મી ઓગષ્ટ-૧૯૬૦ના રોજ મળ્યું હતું. સત્રની શરૂઆત -થમ દિવસે સવારે ૮-૩૦ વાગે ગુજરાતના મુકસેવક પૂજય રવિશંકર મહારાજના સાનિધ્યમાં રાજયના -થમ રાજયપાલ મહેંદી નવાઝ જંગના હસ્તે સભાગૃહમાં મહાત્મા ગાંધીજીના તૈલચિત્રની અનાવરણવિધિ થયા બાદ બપોરે ૧ વાગે ગુજરાત વિધાનસભાની -થમ વિધિસર બેઠકની શરૂઆત થઈ હતી.

રાજયના -થમ રાજયપાલ મહેંદી નવાઝ જંગ હતા. તેઓ હૈદરાબાદના રાજવી કુટુંબના હતા તથા સાલસ અને ઉમદા સ્વભાવના હતા. મુખ્યમંત્રી તરીકે જૂના મુંબઈ રાજયના નાણામંત્રી અને કુશળ વહીવટદાર ડો.જીવરાજ મહેતાને તેમણે શપથ લેવડાવ્યા હતા. -થમ દિવસે સભ્યોની સોગંદવિધિની કામગીરી માટે રાજયપાલે કાર્યકારી અધ્યક્ષ તરીકે કલ્યાણજી મહેતાની ૧લી મે-૧૯૬૦ના રોજ નિમણુંક કરી હતી ત્યારપછી વિધાનસભાની ૧૯મી ઓગષ્ટ-૬૦ના રોજ મળેલી બેઠકમાં અધ્યક્ષની ચૂંટણી થતાં -થમ અધ્યક્ષ તરીકે માનસંહિજી રાણા ચૂંટાયા હતા.

રાજયનું -થમ મંત્રીમંડળ ખૂબ જ નાનું હતું. મંત્રીમંડળમાં મુખ્યમંત્રી ઉપરાંત ચાર કેબિનેટ મંત્રીઓ, આઠ નાયબ મંત્રીઓ તથા એક સંસદીય સચિવ હતા. મંત્રીમંડળમાં બે મહિલા નાયબ મંત્રીઓ ઉર્મિલાબેન ભટ્ટ અને કમળાબેન પટેલ હતા. વિરોધપક્ષના નેતા તરીકે નગીનદાસ ગાંધી હતા. બ્રહ્મકુમાર ભટ્ટ, જયંતિ દલાલ, જસવંત મહેતા, ભૂપેન્દ્ર મોદી અને મહેન્દ્ર દેસાઈ જેવા ધુરંધરો વિરોધપક્ષે હતા. તેમાં બે સભ્યો અપક્ષ હતા.

-થમ વિધાનસભાનું વિસર્જન ૧લી માર્ચ-૧૯૬૨ના રોજ થયું હતું. નવા રાજયની રચના વખતે ગુજરાતમાં વિધાનસભા માટે કોઈ મકાન તૈયાર નહી હોવથી અમદાવાદની નવી સિવિલ હોસ્પિટલના અમુક ભાગમાં જરૂરી સુધારા વધારા કરી ગુજરાત વિધાનસભા અને તેના સચિવાલયને માટેની કામચલાઉ વ્યવસ્થા કરવામાં આવી હતી. (ક્રમશઃ)